દિવ્ય ભાસ્કર, અમદાવાદ ફ્રંટ પેજ

તારીખ :- ૨૭/૦૮/૨૦૨૬

### પ્રતિદિન પેસેન્જરોની સંખ્યા 2 લાખે પહોંચી

# જુલાઈ-ઓગસ્ટના 12 દિવસમાં જ મેટ્રોમાં 23.72 લાખે મુસાફરી કરી

## વરસાદમાં ફસાવાના બદલે લોકોએ મેટ્રો પસંદ કરી

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ચોમાસામાં શહેરના રસ્તાઓ પર ભરાતા પાણી અને ટ્રાફિક જામની સમસ્યા વચ્ચે મેટ્રો શહેરીજનોની પહેલી પસંદ બની છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનના જણાવ્યા અનુસાર, ચાલુ ઓગસ્ટ માસ દરમિયાન દૈનિક મુસાફરીનો આંકડો 2 લાખ સુધી પહોંચી ગયો છે. આઈપીએલ, વર્લ્ડ કપની મેચ કે કોલ્ડ પ્લે જેવી કોઈ મોટી મ્યુઝિક કોન્સર્ટ વિના આટલો મોટો આંકડો નોંધાયો છે.

વરસાદના કારણે જુલાઈના

### 10-12 ઓગસ્ટે 2 લાખ પેસેન્જરનો રેકોર્ડ

| તારીખ | પેસેન્જર | તારીખ | પેસેન્જર |
|---|---|---|---|
| 3 | 1,99,789 | 7 | 1,99,339 |
| 4 | 1,98,131 | 10 | 2,00,436 |
| 5 | 1,93,556 | 12 | 2,03,215 |
| 6 | 1,96,561 | 13 | 1,97,869 |

છેલ્લા 4 દિવસોમાં 7.83 લાખથી વધુ અને ઓગસ્ટ માસની 3થી 13 તારીખ (8 દિવસ) વચ્ચે કુલ 15.88 લાખથી વધુ મુસાફરો નોંધાયા છે. જુલાઈમાં પણ 23, 28, 29 અને 30 તારીખે મુસાફરનો આંકડો 2 લાખની નજીક પહોંચી ગયો હતો.